# આઈ.સી.એ.આર, લુધિયાણા મોનીટરીંગ ટીમ દ્વારા મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર,આ.કૃ.યુ., ગોધરાની મુલાકાત યોજાઇ

મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા ખાતે તા.૨૮/૦૯/૨૦૨૨ ના રોજ અત્રેના ફાર્મ હેઠળ લેવામાં આવતા અખતરાઓનું મોનીટરીંગ કરવા માટે આઈ.સી.એ.આર, લુધિયાણા ખાતેથી આવેલ ચાર વૈજ્ઞાનિકશ્રીઓની ટીમ દ્વારા વિવિધ પ્રોજેકટને લગતા અખતરાઓનું નિરીક્ષણ કરવામાં આવેલ હતું.

ડો. અજય કુમાર, (બ્રિડર) દ્વારા બ્રિડિંગ વિભાગના આઈ.સી.એ.આરના કુલ ૧૬ અખતરાઓ, સ્ટેશન દ્વારા વિકસિત કરેલ સંકર જાતોના ૭ અખતરાઓનું મોનીટરીંગ કરીને ખૂબ જ સંતોષ વ્યકત કરેલ હતો. ત્યારબાદ ટીમ દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે ચાલતી સીડ પ્રોડકશનની કામગીરીની મુલાકાત કરીને માહિતી મેળવેલ હતી. આઈ.સી.એ.આર, લુધિયાણાના વૈજ્ઞાનિકશ્રી, ડો.એ.કે.સિંઘ (એગ્રોનોમી) દ્વારા અત્રેના કેન્દ્રના એગ્રોનોમી વિભાગના એ.આર.સી.આર.પી (આઈ.સી.એ.આર) પ્રોજેકટ હેઠળ લીધેલ ૩ અખતરાઓ તથા એન.એ.આર.પી હેઠળ લીધેલ ૩ અખતરાઓનું મોનીટરીંગ કરેલ હતું. ડો. જેટી કોનસમ (કીટકશાસ્ત્રી) દ્વારા અત્રેના એન્ટોમોલોજીના આઈ.સી.એ.આર પ્રોજેકટ હેઠળ લીધેલ ૨ અખતરા, સ્ટેશનના ૨ અખતરાઓ તથા ડો. સરબાની ડેબનાથ (રોગશાસ્ત્રી) દ્વારા પેથોલોજીના ૨ અખતરાનું મોનીટરીંગ કરવામાં આવેલ હતું.

વધુમાં આઈ.સી.એ.આર, લુધિયાણા મોનીટરીંગ ટીમ દ્વારા એ.આર.સી.આર.પી (આઈ.સી.એ.આર) પ્રોજેકટ હેઠળ લીધેલ મકાઈનાં નિદર્શન પ્લોટની મુલાકાત ગામ:- પીપલીયા, તા:- ગોધરા, જી:- પંચમહાલ ખાતે કરવામાં આવેલ હતી.

<table>
<tr><td></td><td></td><td></td></tr>
<tr><td colspan="2">બ્રિડિંગ વિભાગના અખતરા</td><td>એગ્રોનોમી વિભાગના અખતરા</td></tr>
<tr><td></td><td></td><td></td></tr>
<tr><td>સીડ પ્રોડકશન પ્લોટની મુલાકાત</td><td>નિદર્શન આપેલ ખેતરની મુલાકાત</td><td>એન્ટોમોલોજી વિભાગના અખતરા</td></tr>
</table>